**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન,માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦,
ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઇ :મેલ એડ્રેસ-gerc@gercin.org, વેબસાઇટ :
www.gercin.org

## જાહેર નોટિસ

### એપ્લિકેશન / પિટિશન નંબર ૨૧૨૫/૨૦૨૨

**૨૦૦૩ ના વીજળી અધિનિયમ (૨૦૦૩ નો નં. ૩૬) ની કલમ ૧૫ ની પેટા કલમ (૫) ના ખંડ (એ) અનવ્યે નોટિસ:**

૧. કંપની અધિનિયમ, ૧૯૫૬ હેઠળ સંસ્થાપિત MPSEZ યુટિલિટી લિમિટેડ (MUL), જે ગુજરાત રાજ્યમાં વીજળીના વિતરણનો વ્યવસાય કરવા માટે લાઇસન્સ ધરાવે છે, તેના દ્વારા વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૪, ૧૫ અને ૧૮ અને GERC (વિતરણ લાઇસન્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૫ ના વિનિયમ ૪ અને ૧૬ હેઠળ તેના વર્તમાન વિતરણ લાયસન્સ વિસ્તારમાં કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના વધારાના વિસ્તાર નો સમાવેશ કરીને ફેરફાર / સુધારો કરવા માટે અરજી દાખલ કરવામાં આવેલ છે.

૨. અરજદારે વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૫ ની પેટા-કલમ (૨) હેઠળ ગુજરાતી અખબારો - ગુજરાત સમાચાર (ભુજ આવૃત્તિ), કચ્છમિત્ર (ભુજ આવૃત્તિ) અને અંગ્રેજી અખબાર - ઇન્ડિયન એક્સપ્રેસ (અમદાવાદ આવૃત્તિ) માં તારીખ ૦૬.૦૭.૨૦૨૨ ના રોજ લોકો પાસેથી વાંધા આમંત્રિત કરવા માટે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી હતી.

૩. આયોગ ને ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ અને પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ તરફથી વાંધાઓ મળ્યા છે.

૪. સંબંધિત અરજી અને આયોગનો તારીખ ૦૯.૧૦.૨૦૨૩ નો આદેશ આયોગ ના વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

૫. વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૪ અને ૧૮ અને GERC (વિતરણ લાઇસન્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૫ ના વિનિયમ ૪ અને ૧૬ હેઠળ આયોગ અરજદારના વિતરણ લાયસન્સમાં, સબમિટ કરેલા નકશામાં દર્શાવ્યા મુજબ, મુન્દ્રા-બારોઈ નગરપાલિકા વિસ્તાર સહિત મુન્દ્રા તાલુકાના વધારાના વિસ્તાર નો સમાવેશ કરીને સુધારો જારી કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

૬. આથી વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૫ ની પેટા-કલમ (૫) ના ખંડ (એ) ના અનુસંધાન માં આ નોટિસ આપવામાં આવે છે કે જો કોઈને MPSEZ યુટિલિટીઝ લિમિટેડના વિતરણ લાયસન્સમાં સુધારો કરવાના આયોગના ઇરાદા સામે કોઈ વાંધો કે સૂચનો હોય તો તે નીચે સહી કરનારને ઉપર દર્શાવેલ સરનામે એફિડેવિટ દ્વારા ૫ નકલોમાં વાંધો ઉઠાવનારનું પૂરૂં નામ, પોસ્ટલ સરનામું અને ઈ-મેઈલ સરનામાં સાથે તે તારીખ ૩૦.૧૧.૨૦૨૩ સુધી મોકલી શકે છે.

૭. આ બાબતની સુનાવણીની તારીખ અલગ થી જણાવવામાં આવશે.

-સહી-
**(રૂપવંત સિંહ, આઇ.એ.એસ)**
**સચિવ, જી.ઈ.આર.સી.**

**ગાંધીનગર**
**તા. ૨૭/૧૦/૨૦૨૩**